## પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 08-07-2024 બપોર : 1.20 થી 1.30

વાર : સોમવાર

આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.

**************************************************

- **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રશિયા અને ઑસ્ટ્રિયાના ત્રણ દિવસીય પ્રવાસે રવાના થયા**
- **કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ મણિપુર પ્રવાસ દરમિયાન પૂર અસરગ્રસ્તો સાથે મુલાકાત કરી**
- **NEET – UG** પેપરમાં કથિત ગેરરીતિ મામલે સર્વોચ્ચ અદાલતમાં સુનાવણી
- **મુંબઈમાં ભારે વરસાદને પગલે વાહનવ્યવહાર ખોરવાયો, ઉત્તરાખંડ, ઉત્તરપ્રદેશ અને આસામમાં સ્થિતિ બેહાલ**
- **અને આજે પુરી રથયાત્રાનો બીજો દિવસ, ગૂંડિચા મંદિર તરફ આગળ વધી રહ્યાં છે રથ**

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# REV PM-DEPARTURE STATEMENT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ત્રણ દિવસના રશિયા અને ઑસ્ટ્રિયા પ્રવાસે રવાના થયા છે. રવાના થતા પહેલા પ્રધાનમંત્રીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં લખેલા એક સંદેશમાં કહ્યું કે, રશિયા અને ઑસ્ટ્રિયા સાથેના સંબંધોને ગાઢ બનાવવાની દિશામાં આ પ્રવાસ અદ્ભૂત તક છે. વધુમાં તેમણે ઉમેર્યું કે તેઓ રશિયામાં ભારતીય સમુદાય સાથે સંવાદ કરવા માટે ઉત્સાહી છે.

શ્રી મોદી મૉસ્કોમાં આયોજીત 22માં ભારત-રશિયા વાર્ષિક શિખર સંમેલનમાં ઉપસ્થિત રહેશે. આ સંમેલનમાં પ્રધાનમંત્રી મોદી અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન વચ્ચે સંરક્ષણ, વેપાર, રોકાણ, ઊર્જા, સહકાર, શિક્ષણ તેમજ સંસ્કૃતિ સહિતના મુદ્દાઓ વિશે ચર્ચા થશે. બંને નેતાઓ પરસ્પર હિત, પ્રાદેશિક અને વૈશ્વિક સ્થિતિ વિશે પણ ચર્ચા કરશે. આ ઉપરાંત બ્રિક્સ, શાંઘાઈ સહકાર સંગઠન, જી20, પૂર્વ એશિયા શિખર સંમેલન તેમજ સંયુક્ત રાષ્ટ્ર જેવા મંચો પર દ્વીપક્ષીય સંબંધોની વર્તમાન સ્થિતિની સમિક્ષા કરશે.

રશિયાના રાષ્ટ્રપતિ આજે પ્રધાનમંત્રી મોદીના સમ્માનમાં આયોજીત ભોજનની યજમાની કરશે. આવતીકાલે શ્રી મોદી રશિયામાં ભારતીય સમુદાયના લોકો સાથે મુલાકાત કરશે. તેઓ ક્રેમલિનમાં સૈનિક સ્મારક પર પુષ્પાંજલિ અર્પણ કરશે, તેમજ મૉસ્કોમાં રોસ્ટોમ પેવેલિયનની મુલાકાત લેશે. બંને નેતાઓ વચ્ચે પરસ્પર વાતચીત બાદ પ્રતિનિધિ મંડળની બેઠક થશે.

નવ અને દસ જુલાઈના રોજ પ્રધાનમત્રી મોદી ઑસ્ટ્રિયાનો પ્રવાસ કરશે. પ્રધાનમંત્રીની પ્રથમ ઑસ્ટ્રિયા મુલાકાત દરમિયાન બંને દેશો વચ્ચે

માળખાકીય સુવિધાઓ, પુનઃપ્રાપ્ય ઊર્જા, ટેક્નૉલોજી, સ્ટાર્ટઅપ, મીડિયા અને મનોરંજન સહિતના ક્ષેત્રોમાં દ્વીપક્ષીય સહકાર સહિતના મુદ્દાઓ વિશે ચર્ચા થશે.

# PREZ-ODISHA-VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ઓડિશાના ચાર દિવસના પ્રવાસે છે. સુશ્રી મુર્મુ આજે ભુવનેશ્વરની ઐતિહાસિક ઉદયગિરી ગુફાઓની મુલાકાત લેશે. ઉદયગીરી ગુફાઓ બ્રાહ્મી લિપિમાં કોતરવામાં આવેલા હાથીગુંફા શિલાલેખ માટે પ્રખ્યાત છે. આ શિલાલેખ પર 'જૈન નમોકાર મંત્ર' કોતરાયેલા છે.

રાષ્ટ્રપતિ મુર્મુ તેમની મુલાકાત દરમિયાન બિભૂતિ કાનુન્ગો કળા અને શિલ્પ મહાવિદ્યાલય અને ઉત્કલ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલયના વિદ્યાર્થીઓ સાથે પણ વાતચીત કરશે. તેઓ ભુવનેશ્વર નજીકના ગામમાં બ્રહ્મા કુમારી દિવ્ય કેન્દ્રનું ઉદ્ઘાટન કરશે અને ટકાઉ જીવન શૈલી પર એક અભિયાનનો પ્રારંભ કરાવશે. દરમ્યાન ગઇકાલે રાષ્ટ્રપતિ રથયાત્રાના સાક્ષી બન્યા હતા.

# RAHUL GANDHI UPDATED

કૉંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી મણિપુરના પ્રવાસે પહોંચ્યા છે. તેઓ આજે સવારે સિલ્ચર વિમાન મથકે ઉતર્યા અને ત્યારબાદ મણિપુરના જિરીબામ માટે રવાના થશે.

દરમિયાન તેમણે કુલેરતાલમાં એક રાહત શિબિરની મુલાકાત લીધી હતી, જ્યાં પૂર અસરગ્રસ્ત લોકોએ શરણ લીધી છે. આસામમાં પૂરને પગલે અંદાજે 23 લાખ લોકોને પ્રભાવિત થયા છે.

ગત વર્ષે મે માસમાં હિંસા બાદ પૂર્વોત્તર રાજ્યોનો આ તેમનો ત્રીજો પ્રવાસ છે, જ્યારે વિપક્ષના નેતા તરીકે પહેલો પ્રવાસ છે. તેઓ જિરીબામ જિલ્લામાં અસરગ્રસ્તો સાથે મુલાકાત કરશે. અને ત્યાર બાદ ઇમ્ફાલ જશે, જ્યાં ચૂડાચાંદપુર આદિવાસી વિસ્તારમાં વસતા અસગ્રસ્તો સાથે મુલાકાત કરશે. ઇમ્ફાલમાં તેઓ રાજ્યપાલ અનુસઈયા ઉઇકે સાથે પણ બેઠક કરશે અને ત્યાંથી લખનઉ માટે રવાના થશે.

ઉલ્લેખનીય છે કે રાહુલ ગાંધીએ પોતાની ન્યાય યાત્રાની શરૂઆત મણિપુરથી 14 જાન્યુઆરીના રોજ કરી હતી.

# SC-NEETNEET-UG

NEET-UG પેપરમાં કથિત ગેરરીતિ મામલેની વિવિધ અરજીઓ પર આજે સર્વોચ્ચ અદાલતમાં સુનાવણી થશે. આ અરજીઓમાં નવેસરથી પરીક્ષાની માંગણી કરતી અરજીઓનો પણ સમાવેશ કરાયો છે. મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચુડ અને ન્યાયમૂર્તિ જે.બી. જસ્ટિસ પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની બેંચ સમક્ષ 26 અરજીઓ સુનાવણી માટે મૂકવામાં આવી છે. વિદ્યાર્થીઓએ NEETમાં કથિત ગેરરીતિઓની અલગ અને સ્વતંત્ર તપાસની માંગ કરી છે.

NEETના વધી રહેલા વિવાદ વચ્ચે કેન્દ્રએ સર્વોચ્ચ અદાલતમાં એફિડેવિટ દાખલ કરી છે. કેન્દ્રએ કહ્યું છે કે પરીક્ષામાં મોટા પાયે ગેરરીતિઓના પુરાવાની ગેરહાજરીમાં NEET-UG 2024 ફરીથી કરાવવાની જરૂર નથી. કેન્દ્રએ એવી પણ દલીલ કરી છે કે, નવી પરીક્ષા લાખો સાચા ઉમેદવારોના જીવન પર પ્રતિકૂળ અસર કરશે.

# MUMBAI-HEAVY RAIN

સતત મુશળધાર વરસાદને કારણે મુંબઈના અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે અને શહેરમાં ટ્રાફિકને પણ અસર થઈ છે. ઉપનગરીય ટ્રેનો મોડી ચાલી રહી છે.

ગઈકાલે મોડી રાતથી માંડીને આજે સવાર સુધીમાં શહેરમાં સરેરાશ 300 મિલીમીટર એટલે કે અંદાજે 11 ઇંચથી વધુ વરસાદ ખાબક્યો હતો. વિદ્યાર્થીઓની અસુવિધા ટાળવા માટે, મુંબઈ BMC વિસ્તારની તમામ, સરકારી અને ખાનગી શાળાઓ તેમજ કૉલેજોમાં રજા જાહેર કરવામાં આવી છે. થાણે, વસઈ, મહાડ, ચિપલુણ, કોલ્હાપુર, સાંગલી, સતારા અને સિંધુદુર્ગમાં કોઈપણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે NDRFની ટીમોને તૈનાત કરાઈ છે.

હવામાન વિભાગે મુંબઈ, પાલઘર, થાણે, રાયગઢ અને રત્નાગીરી જિલ્લામાં ભારે વરસાદ અને વાવાઝોડા માટે ઑરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. હવામાન વિભાગે મધ્ય મહારાષ્ટ્રના કેટલાક જિલ્લાઓ માટે યલો એલર્ટ પણ જાહેર કર્યું છે.

## UTTARAKHAND-WEATHER

આ તરફ ઉત્તરાખંડના કુમાઉ વિસ્તારમાં ભારે વરસાદને કારણે પાણી ભરાયા અને મકાનોને નુકસાન થયું. મુશળધાર વરસાદને કારણે રાજ્યના ઘણા ભાગોમાં ભૂસ્ખલનથી ધોરીમાર્ગ અને સ્થાનિક રસ્તાઓ બંધ થઈ ગયા હતા. કુમાઉ ક્ષેત્રમાં બનબાસા, ટનકપુર, ખતિમા અને સિતારગંજમાં પૂરની સ્થિતિ સર્જાઈ છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં ndrfની ટીમને તૈનાત કરાઈ છે. હવામાન વિભાગે આગામી છ

કલાકમાં બાગેશ્વર,નૈનીતાલ, અલ્મોડા, ચંપાવત, પિથોરાગઢ, ઉધમસિંહ નગર અને ચમોલી જિલ્લામાં અચાનક પૂર માટે ચતવણી જાહેર કરી છે.

///UP-FLOOD

ઉત્તરપ્રદેશમાં ગઈકાલે પડેલા ભારે વરસાદ બાદ અનેક જિલ્લાઓ જળમગ્ન બન્યા. છેલ્લા ચોવીસ કલાકમાં રાજ્યમાં પૂરને પગલે 12 લોકોના મૃત્યુ થયા છે. રાજ્યના અનેક ભાગોમાં ડેમોમાંથી પાણી છોડવામાં આવ્યા છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પૂર અસરગ્રસ્તોને તાત્કાલિક મદદ તેમજ રાહત આપવા આદેશ કર્યો છે. ઉત્તરપ્રદેશ આકાશવાણીના અમારા સંવાદદાતા જણાવે છે કે ભારે વરસાદને પગલે શારદા, રાપ્તી, ગંડક અને ઘાઘરા નદી ભયજનક સપાટીએ વહી રહી છે.

ASSAM-FLOOD

આસામમાં છેલ્લા ચોવીસ કલાકમાં પૂરને પગલે વધુ આઠ લોકોના મૃત્યુ થયા છે. રાજ્યમાં કુલ મૃત્યુ આંક વધીને 66 થયો છે. પૂરને પગલે 28 જિલ્લાઓમાં 22 લાખ લોકોને અસર થઈ છે. અંદાજે 3 હજાર 400 જેટલા ગામોમાં 68 હજાર એકરમાં રહેલો પાક ધોવાઈ ગયો છે. NDRF અને SDRFની ટીમોએ ગત ચોવીસ કલાકમાં વધુ 218 લોકોને બચાવ્યા છે.

# IMD MONSOON

હવામાન વિભાગે દેશના ઉત્તર પૂર્વીય, પૂર્વોત્તર અને પશ્ચિમી કાંઠા વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરી છે. ઉત્તર પ્રદેશમાં આગામી પાંચ દિવસમાં ભારે વરસાદ પડી શકે છે. આ ઉપરાંત બિહાર અને ઓડિશાના અંતરિયાળ ભાગોમાં પણ ભારે વરસાદની શક્યતા છે.

આ તરફ મેઘાલયમાં આગામી ત્રણથી ચાર દિવસ દરમિયાન મધ્યમથી ભારે વરસાદની શક્યતા છે. ઉપરાંત કોંકણ, ગોવા, મહારાષ્ટ્ર, કેરાળ, માહે, લક્ષદીપ તેમજ કર્ણાટકના કાંઠા વિસ્તારોમા છ દિવસ સુધી હળવાથી મધ્ય વરસાદની શક્યતા છે.

## ODISHA-RATHYATRA

વિશ્વ પ્રસિદ્ધ પુરી જગન્નાથ યાત્રાનો આજે બીજો દિવસ છે. ગઈકાલે સંધ્યા બાદ પરંપરા અનુસાર ભગવાન જગન્નાથ, ભગવાન બાલભદ્ર અને દેવી સુભદ્રા તેમજ ભગવાન સુદર્શનના રથને ગ્રાન્ડ ટ્રન્ક રોડ પર અટકાવી દેવાયા હતા. ખલાસીઓ આજે આ રથોને ખેંચીને તેમને ગુંડિચા મંદિર તરફ દોરી રહ્યા છે.

દરમિયાન ગઈકાલે રથયાત્રામાં મચેલી નાસભાગમાં ગૂંગળાઈ જવાથી એક વ્યક્તિનું મોત થયું હતું. જ્યારે કે કેટલાક લોકોને ઘવાયા હતા. રાજ્ય સરકારે મૃતકો માટે 4 લાખની સહાય જ્યારે કે ઇજાગ્રસ્તોને મફત સારવારની જાહેરાત કરી છે.

## **INDIA-THAILAND JOINT MILITARY EXERCISE**

ભારત અને થાઈલેન્ડ વચ્ચે સંયુક્ત લશ્કરી કવાયત મૈત્રી-2024 થાઈલેન્ડના તાક પ્રાંતમાં ચાલી રહી છે.

સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટર હેઠળ સૈન્ય સહયોગને પ્રોત્સાહન આપવા અને બંને દેશોની કાર્યકારી ક્ષમતાઓને વધારવા માટે આ કવાયત મહત્વપૂર્ણ છે. સંરક્ષણ જનસંપર્ક કાર્યાલયની એક પ્રેસ રિલીઝ અનુસાર, બંને દેશોના સૈનિકો તાલીમ

સત્રોમાં ભાગ લઈ રહ્યા છે. આ સમયગાળા દરમિયાન, બળવા વિરોધી અને આતંકવાદ વિરોધી કામગીરી પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે.

આ કવાયત આ મહિનાની 15 તારીખ સુધી ચાલશે. તેનો ઉદ્દેશ્ય ભારત અને થાઈલેન્ડની સેનાઓ વચ્ચે કાર્યકારી સંકલનને વધુ વધારવાનો છે.

---